## સાંદિપની-વાલ્મિકી-વેદવ્યાસ-અત્રિ-વશિષ્ટ-વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા.

### દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૫

તારીખ : ૨૪/૦૧/૨૦૨૫ | ધોરણ : ૧૧ વિષય : અર્થશાસ્ત્ર | કુલ ગુણ : ૫૦

વાર : શુક્રવાર | સમય : ૨ કલાક

---

સૂચના :
- બધા જ વિભાગો તથા પ્રશ્નો ફરજિયાત છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
- પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
- પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

---

### વિભાગ-A

★ **પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** **10**

(1) વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?
(A) સીધો (B) વિરોધી (C) સમાન (D) શૂન્ય

(2) કયા ખર્ચને માપી શકાતો નથી ?
(A) વાસ્તવિક ખર્ચ (B) નાણાકીય ખર્ચ (C) વૈકલ્પિ ખર્ચ (D) લાંબાગાળાનો ખર્ચ

(3) કયા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ બને છે ?
(A) પૂર્ણ હરિફાઈ (B) ઈજારો
(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(4) સ્થાન આધારિત બજારના કેટલા પ્રકારો હોય છે ?
(A) એક (B) ત્રણ (C) ચાર (D) સાત

(5) ભારતમાં રેલવેની શરૂઆત કયા વર્ષમાં થઈ ?
(A) 1847 (B) 1853 (C) 1901 (D) 1947

(6) ભારતમાં કયા પ્રકારની બેકારી જોવા મળે છે ?
(A) ચક્રીય (B) માળખાગત (C) નિરપેક્ષ (D) સાપેક્ષ

(7) ભારતમાં વાર્ષિક સુધારા કયા વર્ષથી અમલમાં આવ્યા ?
(A) 1947 (B) 1951 (C) 1991 (D) 1980

(8) આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય ?
(A) ખાનગીકરણ (B) ઉદારીકરણ
(C) આયાત અવેજીકરણ (D) વૈશ્વિકીકરણ

(9) ઉત્પાદન પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?
(A) માર્શલ (B) ફિશર (C) પીગુ (D) સેમ્યુઅલસન

(10) નાણાકીય ખર્ચના ઘટકોની સંખ્યા છે ?
(A) 4 (B) 2 (C) 1 (D) 10

### વિભાગ-B

★ **પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** **05**

(11) સીમાંત આવક કોને કહેવાય ?
(12) પ્રાદેશિક બજાર એટલે શું ?
(13) ભારતમાં જાહેર બાંધકામ ખાતાની રચના ક્યારે થઈ ?
(14) FEMAનું પૂરું નામ લખો.
(15) આરોપિત ભાડું એટલે શું ?

### વિભાગ-C

★ **પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના 2 ગુણ)** **10**

(16) કૌટિલ્યે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપો.
(17) ઈજારાના સંદર્ભમાં પેઢી એ જ ઉદ્યોગ સમજાવો.
(18) 'હોમ ચાર્જિસ' એટલે શું ?
(19) 'ભારત ખેતીપ્રધાન દેશ છે' – વિધાન સમજાવો.
(20) આર્થિક સુધારાનો અર્થ આપો. આર્થિક સુધારાના પાસા જણાવો.

Master Classes Chirag Prajapati 98241 49446

(21) MRTP એક્ટનું પૂરું નામ આપો. આ કાયદો શા માટે ઘડાયો ?

(22) રાષ્ટ્રીય આવકનો અર્થ આપી રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ જણાવો.

(23) રાષ્ટ્રીય આવકની ખર્ચની પદ્ધતિમાં કયા ખર્ચાઓનો સમાવેશ થતો નથી ?

## વિભાગ-D

★ પ્રશ્નક્રમાંક 24 થી 31 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. **15**

**(દરેક પ્રશ્નનાં 3 ગુણ)**

(24) સંપતિના લક્ષણો જણાવો.

(25) પુરવઠાના નિયમના અપવાદ સમજાવો.

(26) સ્થિર ખર્ચનો અર્થ આપી આકૃતિ દ્વારા તેની સમજૂતી આપો.

(27) ઈજારાયુક્ત હરીફાઈના કોઈપણ ત્રણ લક્ષણો સમજાવો.

(28) દુનિયાના જુદા જુદા દેશોની માથાદીઠ આવક આપેલી છે. જેનો અભ્યાસ કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કેસ સ્ટડી આધારિત પ્રશ્ન) (દરેકનો 1 ગુણ)

રાષ્ટ્રીય આવકની તુલના (સમખરીદશક્તિના માપદંડ મુજબ)

| દેશ | માથાદીઠ આવક (અમેરિકન ડોલરમાં |
|---|---|
| નોર્વે | 63,909 |
| અમેરિકા | 52,308 |
| ભારત | 5,150 |
| પાકિસ્તાન | 24,652 |
| બાંગ્લાદેશ | 2,713 |

(a) વિકસિત દેશ કયો છે ?

(b) નીચી માથાદીઠ આવક એ કયા દેશોનું લક્ષણ છે ?

(c) સમખરીદશક્તિ એટલે શું ?

(29) વૈશ્વિકરણનો અર્થ આપી તેની મહત્ત્વની બાબતો જણાવો.

(30) આર્થિક સુધારાની સાનુકૂળ અસરો જણાવો. (કોઈપણ 6)

(31) કુલ આંતરિક પેદાશ (GDP) વિશે ટૂંકમાં લખો.

## વિભાગ-E


★ પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના ત્રણ પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **10**

**(દરેક પ્રશ્નના 5 ગુણ)**

(32) વિકાસસમાન ભારતીય અર્થતંત્રના લક્ષણો સમજાવો.

(33) અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

(34) નીચે આપેલ આકૃતિને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો. (કેસ સ્ટડી આધારિત પ્રશ્નો)




(a) માંગમાં વિસ્તરણ – સંકોચન ક્યારે શક્ય બને ?

(b) માંગનું વિસ્તરણ એટલે શું ?

(c) માંગનું સંકોચન એટલે શું ?

(d) બિંદુ a થી b તરફ માંગમાં કયું પરિવર્તન જોવા મળે છે ?

(e) માંગનું વિસ્તરણ – સંકોચન કેટલી માંગરેખા પર જોવા મળે છે ?

Master Classes Chirag Prajapati 98241 49446